# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રિ-ઇનવેસ્ટ પરિષદના સમાપન પ્રસંગે પુન:પ્રાપ્ય ઊર્જા એ માત્ર વિકલ્પ નથી, પણ આજના સમયની માંગ હોવાનું જણાવતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ
2. કેન્દ્રીય મંત્રીમંડળે એક દેશ એક ચૂંટણીની દરખાસ્તને મંજુરી આપી...
3. મંત્રીમંડળે ફોસ્ફેટ અને રવી મોસમ માટે પોટાશયુક્ત ખાતર પર સબસીડીના દરોને મંજૂરી આપી.. ખેડૂતોને મળશે સસ્તાભાવે ખાતર
4. રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા અને સેવા સેતુ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા
5. ભાદરવી પૂનમના મેળાના છેલ્લા દિવસે પોલીસ વતી માતાજીને ધજા અર્પણ કરતાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## VICE PRESIDENT

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા “RE INVEST-2024” પરિષદનો સમાપન સમારોહ આજે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની અધ્યક્ષતામાં યોજાયો હતો. ઉપરાષ્ટ્રપતિએ આ ક્ષેત્રના મહત્વ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું છે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક નાગરિક આહુતિ આપે, તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, વર્તમાનમાં આબોહવા પરિવર્તન એક મોટો વૈશ્વિક પડકાર છે ત્યારે રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘વન સન, વન અર્થ, વન ગ્રીડ’ ના વિઝનને વેગ આપશે, તેવો વિશ્વાસ આ સમિટના સમાપન પ્રસંગે વ્યક્ત કર્યો હતો.

-----

## CABINET-DECISIONS For Regional News

કેન્દ્ર સરકારે દેશભરમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એક સાથે યોજવા માટેનાં પ્રસ્તાવને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં આજે પત્રકાર પરિષદમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં અધ્યક્ષપદે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ રાજકીય પક્ષો અને નિષ્ણાતો

સાથે આ અંગે સઘન ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ બે તબક્કામાં થશે. પ્રથમ તબક્કામાં, લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી યોજાશે, જ્યારે ત્યાર બાદનાં 100 દિવસની અંદર પંચાયત અને નગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી યોજાશે.

આ નિર્ણયને આવકારતા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ભાજપના પ્રવક્તા યમલ વ્યાસે આ મુજબ પ્રતિભાવ આપ્યો.

(Byte Yamal Vyas)

આ ઉપરાંત મંત્રીમંડળે અન્ય મહત્વનાં નિર્ણયો પણ લીધા છે. સરકારે 2024-25ની રવી મોસમ માટે ફોસ્ફેટ અને પોટાશયુક્ત ખાતર પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને પણ મંજૂરી આપી છે. આનાથી ખેડૂતોને ઓછા અને વાજબી ભાવે ખાતર મળશે. સરકારે ખેડૂતોને તેમની ઉપજનાં લાભદાયી ભાવ પૂરાં પાડવા અને આવશ્યક ગ્રાહક ચીજોનાં ભાવમાં વધઘટ પર અંકુશ લાવવા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ આભિયાનને ચાલુ રાખવાની પણ મંજૂરી આપી છે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળે 79 હજાર 156 કરોડ રૂપિયાનાં કુલ ખર્ચની પ્રધાનમંત્રી જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાન યોજનાને પણ મંજૂરી આપી છે.

-----

## SWACCHTA HI SEVA - **DISTRICT**

રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા અને એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે.

કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમૂબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં ભાવનગરના કોળીયાક ધાવડી માતા મંદિર દરિયાકિનારે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો,

જેમાં એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને સ્વચ્છતા હી સેવા નું રેત શિલ્પ બનાવી લોકોને સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવ્યો.

છોટાઉદેપુરમાં આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું, તેમજ શ્રમદાન કરીને માર્ગની સફાઈ કરી હતી અને સ્વચ્છતા રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આણંદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી અંતર્ગત આઝાદ મેદાન ખાતે સફાઇ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ મિતેષ પટેલે સફાઇ કર્મચારીઓને ૧૦ હજારના ચેકનું વિતરણ કર્યું હતું.

અમરેલી શહેરમાં નગરપાલિકા દ્વારા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને શ્રમદાન અને સફાઇ કાર્યક્રમ યોજાયો હતો.

ભરૂચ જિલ્લામાં ધારાસભ્યોએ લોકોને સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સક્રીયતાથી જોડાઇને ઘર, ફળીયું, ગામ, શહેરને સ્વચ્છ બનાવવા તથા વૃક્ષારોપણ કરીને તેનો ૧૦૦ ટકા ઉછેર કરવા અનુરોધ કર્યો હતો.

<u>..2..સ્વચ્છતા હી સેવા</u>

સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા આજે શહેરમાં “સ્વચ્છતા રેલી“ યોજાઇ. આ રેલીમાં શાળાના વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અંગે સંદેશો ફેલાવવામાં આવ્યો હતો. અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા સહિતના મહાનુભાવોએ લોકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

મહેસાણામાં સ્વચ્છતા અંગેનું પોસ્ટર પ્રસિદ્ધ કરાયું તેમજ જિલ્લા વિકાસ અધિકારી ડો.હસરત જેસમીનના અધ્યક્ષ સ્થાને બલોલ ગામ ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો.

અરવલ્લીના મોડાસા ખાતે સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું, તેમજ વધુને વધુ લોકો સફાઈ અભિયાનમાં જોડાય તે માટે લોકોને અપીલ કરી હતી.

સાબરકાંઠાના હિંમતનગરમાં સ્વચ્છતાની અપીલ સાથે વિદ્યાર્થિનીઓ દ્વારા જાગૃતિ રેલી યોજાઇ.

---------

## SEVASETU – ROUND UP

નાગરિકોને ઘરઆંગણે એક જ સ્થળેથી 55 જેટલી સરકારી સુવિધા પુરી પાડવા સમગ્ર રાજ્યમાં ગઇકાલથી સેવા સેતુ કાર્યક્રમનો આરંભ થયો છે.

મોરબી જિલ્લાના જેતપર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીના અધ્યક્ષસ્થાને મોરબી તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઝરખીયા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અજય દહિયાએ વિવિધ સ્થળે કામગીરીનું નિરીક્ષણ કરી અને સ્થળ પર ઉપસ્થિત કર્મયોગીઓને જરુરી માર્ગદર્શન આપ્યુ હતું અને લોકોની રજુઆતો સાંભળી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચાર તાલુકાઓમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બહોળી સંખ્યામાં નાગરીકોએ વ્યક્તિગત સેવાઓનો લાભ લીધો હતો.

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના અનીડા ગામમાં સરકારી પ્રાથમિક શાળા ખાતે 'સરકાર તમારા દ્વારે'ના આશયથી સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં

નાગરિકોને ઘર આંગણે સરકારી સેવાઓનો લાભ અપાયો હતો. સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો સહિતની વિવિધ ૫૫ જેટલી સહાય અપાઇ હતી.

નર્મદા જિલ્લામાં સેવા સેતુના ૧૦ મા તબક્કામાં કલેક્ટર એસ.એ.મોદીએ ત્રણ મહત્વના અભિયાનનો ખડગદા પ્રાથમિક શાળા ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ વેળાએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને મંજૂરી પત્ર અર્પણ કરાયા હતા.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## KUBER DINDOR ON ARTHIK SAHAY

મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ૭૮૦ જેટલા ખેડૂતોને આર્થિક સહાય આપવા માં આવી હોવાનું શિક્ષણ અને આદિજાતિ મંત્રી ડો.કુબેરે જણાવ્યું હતું.. મંત્રી કુબેર ડિંડોરના હસ્તે ૭૮૦ લાભાર્થીઓને મકાનમાં થયેલા નુકસાન પેટે અંદાજિત ૩૦ લાખ ની સહાય ચૂકવવામાં આવી

હતી.. જ્યારે નવ  જેટલા ખેડૂતો ને પશુ સહાય પેટ ૪ લાખ ની સહાય આપવામાં આવી હતી

(બાઈટ : ડો. કુબેરભાઈ ડિંડોર, શિક્ષણ અને આદિજાતિ મંત્રી )

-----------

## HARSH SANGHVI DHAJA

શક્તિપીઠ અંબાજી ખાતે યોજાયેલા ભાદરવી પુનમના મેળાનું  આજે સમાપન થયું છે.

ભાદરવી પૂનમ મહામેળાના અંતિમ દિવસે બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા માતાજીને ધજા ચડાવાની પરંપરા રહી છે. ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બનાસકાંઠા પોલીસ ટીમ સાથે મા અંબાને ધજા ચડાવી હતી.

અંબાજી મંદિર પાસેના ખોડીવલી સર્કલ ખાતે મુખ્ય પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા સમગ્ર મેળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. મેળામાં સલામતી માટે ચોવીસ કલાક કાર્યરત પોલીસની ફરજનિષ્ઠાની પણ શ્રી સંઘવીએ પ્રશંસા કરી હતી.

પદયાત્રીઓની સેવા કરનારા અને  પદયાત્રાના માર્ગો ઉપર સફાઇ કરનારા સેવાભાવી લોકોની સેવાને પણ ગૃહરાજ્ય મંત્રીએ બિરદાવી હતી.

(બાઇટ- હર્ષ સંઘવી , ગૃહ રાજ્યમંત્રી)

--------------------

# FOOTBALL

ગુજરાત રાજ્ય ફૂટબાલ એસોશિએશન દ્વારા યોજાયેલી  રિલાયન્સ કપ સીનિયર મેન્સ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ સ્પર્ધામાં આજે ફાઇનલમાં પ્રવેશ મેળવવા માટે ચાર મેચો રમાઇ હતી..જેમાં પંચમહાલે આણંદને 7-0 થી હરાવ્યુ હતું, નવસારી જીલ્લાએ  સુરેન્દ્રનગર ને 6-0, છોટા ઉદેપુરે  2-1 થી વલસાડને અને ખેડા એ પાટણને 5-0 થી પરાજય આપ્યો હતો. આગામી 22 સપ્ટેમ્બરથી શરૂ થતાં ફાઇનલ લિગ રાઉન્ડમાં ગત વર્ષના આધારે પાત્ર થયેલી 8 ટીમો અને આજની મેચોમાં જીતેલી 4 ટીમો વચ્ચે મુકાબલો થશે.

દેશની પ્રતિષ્ઠિત સંતોષ ટ્રોફી રમવા જનાર ટિમની પસંદગી પણ  આ સ્પર્ધા દરમિયાન થશે.

.................

# PAVAGADH AROHAN AVRAOHAN

ગુજરાત સરકાર દ્વારા રાજય કક્ષાની પાવાગઢ આરોહણ-અવરોહણ- સ્પર્ધા આગામી નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં યોજાશે.  જેમા એક થી દસ ક્રમે પસંદગી પામેલ સ્પર્ધકો સીધી જ અખિલ ભારતીય ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

૧૯ થી ૩૫ વર્ષ સુધીની વય મર્યાદા ધરાવતાં યુવાનો પંચમહાલ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ખાતેથી ફોર્મ મેળવીને ૩૦ ઓક્ટોબર સુધી ફોર્મ ભરી શકશે.

--------------------

# AIRPORT SIMCARD FACILITY

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં હવે બિન-ભારતીય સિમકાર્ડધારકો માટે પણ મફત Wi-Fi કુપન કિયોસ્કની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ પરથી મુસાફરી કરતા તમામ મુસાફરોને અને બંને ટર્મિનલના પેસેન્જર વિસ્તારોમાં સ્થિત Wi-Fi કૂપન ડિસ્પેન્સર્સ હવે બિન-ભારતીય મુસાફરોને પણ Wi-Fiની સુવિધા પૂરી પાડશે.

બિન-ભારતીય સિમ કાર્ડ ધરાવતા મુસાફરો Wi-Fi કૂપન ડિસ્પેન્સર પર પાસપોર્ટ અને બોર્ડિંગ પાસ સ્કેન કરી નિયમો અને શરતોને સ્વીકારતા તેમાં Wi-Fi વાઉચર કોડ જનરેટ કરી શકશે.

Wi-Fi કૂપન ડિસ્પેન્સિંગ કિઓસ્કમાંથી પ્રાપ્ત કોડ દાખલ કરી મુસાફરો 'AMD_FreeWiFi' નામના Wi-Fi સાથે કનેક્ટ થઈ શકે છે. અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓ પર 120 મિનિટ ફ્રી વાઇ-ફાઇનો આનંદ માણી શકશે.

----------